સંકલિત બાળ વિકાસ યોજના
અંતર્ગત કાર્યરત તાલીમ કેન્દ્રો
બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૬૧૨/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૦૧/૨૦૧૯

વંચાણે લીધા:

1) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લીના પત્ર ક્રમાંક: ૧૧-૧૫/૯૮-ટીઆર-૧, તા. ૧૯/૦૫/૧૯૯૯.
2) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીઆરએન-૨૦૦૬-જીઓઆઈ-૨૨-બ, તા.૧૩/૬/૨૦૦૬.
3) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લીની તાલીમ અંગેની સંકલિત માર્ગદર્શિકા, ઓગસ્ટ ૨૦૦૭.
4) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લીના પત્ર ક્રમાંક: ૨૪-૮/૨૦૦૮-ICDS Training, તા.૦૬/૦૭/૨૦૧૮
5) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની સિંગલ ફાઈલ, તા. ૧૨/૧૦/૨૦૧૮

<u>પ્રસ્તાવના:</u>

આઇ.સી.ડી.એસ. યોજના અન્વયે કર્મચારીઓને યોજનાના ધ્યેય તથા પ્રવૃત્તિની જાણકારી આપી શકાય અને યોજનામાં આવતા પરિવર્તનો વિશે માહિતગાર રાખી શકાય તે માટે તાલીમ આપવામાં આવે છે. કર્મચારીઓની ભૌગોલિક, સામાજિક અને આર્થિક સ્થિતિ, શિક્ષણ તથા સંવેદનશીલતાની અસર તેઓની કામગીરીની ગુણવત્તા પર પડતી હોય છે. તાલીમ દ્વારા આ કર્મચારીઓને એકસમાન સ્તર ઉપર લાવી આઇ.સી.ડી.એસ. યોજનાના નિયત ધ્યેય પ્રાપ્ત કરવા માટે ઉત્કૃષ્ટ કામગીરી કરી શકે એ માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. આથી કર્મચારીઓને પોષણ, આરોગ્ય સેવાઓ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, સંદર્ભ સેવાઓ જેવા સંવેદનશીલ તથા સતત પરિવર્તનશીલ વિષયો પર તાલીમ આપવામાં આવી રહી છે.

ભારત સરકાર દ્વારા યોજનાની શરૂઆતથી તાલીમ આપવા માટે આંગણવાડી કાર્યકર તાલીમ કેન્દ્રો ચલાવવામાં આવે છે. આમુખ-૧ થી ભારત સરકાર દ્વારા તાલીમ અંગેની

માર્ગદર્શિકા આપવામાં આવેલ હતી જેમાં તાલીમ કેન્દ્રોના માધ્યમથી મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર તથા તેડાગરોને તાલીમ આપવા માટે અભ્યાસક્રમો, તાલીમનાં દિવસો, તાલીમાર્થીઓની સંખ્યા, બજેટ, તાલીમ કેન્દ્ર ઉપર જરૂરી સુવિધા વગેરે બાબતે સૂચનાઓ આપવામાં આવેલ હતી. આમુખ-૨ થી કુલ ૨૦ તાલીમ કેન્દ્રો મંજુર કરવામાં આવેલ હતા જે યાદીમાં વખતોવખત સુધારાઓ થતા વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ ૧૫ આંગણવાડી કાર્યકર તાલીમ કેન્દ્રો તથા ૧ એમ.એલ.ટી.સી. કાર્યરત છે જેની યાદી આ ઠરાવ સાથેના પરિશિષ્ટ -૧ માં સામેલ છે.

આમુખ–(૩) થી ભારત સરકાર દ્વારા તાલીમ માટે માર્ગદર્શન આપવામાં આવેલ છે. આમુખ –(૪) થી ભારત સરકારનાં માર્ગદર્શન મુજબ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ છે. જે અંતર્ગત આંગણવાડી સેવાઓ સાથે સંકળાયેલ કર્મચારીઓની તાલીમ ફક્ત સરકારી AWTC / MLTC અથવા NIPCCD દ્વારા જ ચલાવવાની રહેશે. નવી ભરતી કરેલ/બઢતી મળેલ બાળ વિકાસ યોજના અધિકારી/મુખ્ય સેવિકા/આંગણવાડી કાર્યકર/તેડાગર માટે Induction Training (અઠવાડિયાની તાલીમ), એક વર્ષની અંદર Job Training (પાંચ અઠવાડિયાની તાલીમ),તથા Instructors માટેની તાલીમ (એક અઠવાડિયાથી વધુ નહીં) ફક્ત સરકારી તાલીમ કેન્દ્ર અથવા NIPCCD દ્વારા જ કરવાની રહેશે. Training Module/Course curriculum NIPCCD દ્વારા તૈયાર કરવામાં આવશે. સ્થાનિક જરૂરિયાત મુજબ રાજ્ય સરકાર દ્વારા તેમાં જરૂરી ફેરફાર કરી શકશે. Digital India Programme ધ્યાને લઇને ઇ-લર્નિંગ પોર્ટલ www.nipccd-elearning.wcd.nic.in તથા e-ILA.gov.in ના માધ્યમથી આંગણવાડી સેવાઓ સાથે સંકળાયેલ કર્મચારીઓને Online Training માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. આમ ઉપરની વિગતો ધ્યાને લઈને પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ :

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગની સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કાર્યરત કર્મચારીઓને તાલીમ આપવા માટે પરિશિષ્ટ-૧ મુજબ કાર્યરત ૧ મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્ર તથા ૧૫ આંગણવાડી કાર્યકર તાલીમ કેન્દ્રોનુ સંચાલન તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે કરાવવાનું રહેશે. ત્યાર બાદ ભારત સરકારની સૂચના અન્વયે સ્વૈચ્છિક સંસ્થા હસ્તકના મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્ર તથા તમામ આંગણવાડી કાર્યકર તાલીમ કેન્દ્રોનુ સંચાલન તા.૩૧/૦૩/૨૦૧૯ થી પરત લેવાનુ આથી ઠરાવવામાં આવે છે.

શરતો

1. તાલીમ કેન્દ્ર હસ્તકની આઇ.સી.ડી.એસ.ની ગ્રાંટમાંથી વસાવેલ તમામ સ્થાવર મિલ્કતો, તમામ વહીવટી અને નાણાંકીય રેકર્ડ સંબંધિત જિલ્લાનાં પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા

પંચાયત, આઇ.સી.ડી.એસ. હસ્તક સુપરત કરવાનુ રહેશે, જેની યાદી તૈયાર કરી જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીએ રાખવાની રહેશે.

2. તાલીમ કેન્દ્રોને મંજુરી મળી એ વર્ષથી લઈને વર્ષ ૨૦૧૮-૧૯ સુધીનુ ઓડીટ કરાવવાની જવાબદારી સંબંધિત સ્વૈચ્છિક સંસ્થાઓની રહેશે. ૩૧/૦૩/૨૦૧૯ અંતિત બચત રહેલ ગ્રાંટ સંબંધિત જિલ્લાના પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, આઈસીડીએસ હસ્તક જમા લેવાની રહેશે.
3. તાલીમ માટે ફાળવેલ ગ્રાંટનો ઉપયોગ અન્ય કોઇ હેતુ માટે કરી શકાશે નહિ તથા વર્ષના અંતે પરત કરવાની રહેશે.
4. અગાઉનાં ઓડીટ દરમ્યાન સંસ્થાની કોઇ નાંણાંકીય અનિયમિતતા જોવા મળશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાની રહેશે તથા તે રકમ રાજ્ય સરકારને પરત જમા કરાવવાની રહેશે.
5. બચત રહેલ ગ્રાંટ નીચે દર્શાવેલ હેડ હેઠળ તા.૩૦/૦૪/૨૦૧૯ પહેલા જમા કરાવવાની રહેશે.

માંગણી નંબર : ૧૦૬
મુખ્ય સદરનુ નામ: ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદરનુ નામ: ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી
ગૌણ સદરનુ નામ: ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર: ૦૧

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન મંત્રીશ્રી(મ.બા.ક.) ની તા. ૭/૯/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હંસાબેન મેજીયાતર)
સંયુક્ત સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:
૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અગ્રસચિવશ્રી(ખર્ચ),નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૫. નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ. કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૬. સંબંધિત તાલીમ સંસ્થા .................... (નિયામકશ્રી,આઈસીડીએસ મારફત)
૭. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
૧૦. વિભાગનાં સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.
૧૧. સિલેક્ટ ફાઇલ.

## પરિશિષ્ટ -૧: વર્ષ ૨૦૧૮-૧૯માં કાર્યરત તાલીમ કેન્દ્રોની યાદી
## (ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૮/૬૧૨/બ)

| અનુ | તાલીમ કેન્દ્રનું સરનામુ |
|---|---|
| ૧ | મહિલા સરકારી ઉધોગ મંદિર લી. સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, સુરત. |
| ૨ | એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ આંગણવાડી તાલીમ કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગર, આણંદ. |
| ૩ | શ્રી સી.યુ.શાહ લોક મંગલાયતન સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, વાઘોડીયા જી.વડોદરા. |
| ૪ | એમ.જે.ઠાકુર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, મુ,પો.નુગર જી.મહેસાણા. |
| ૫ | ઇનરેકા ઇન્સ્ટિટયુટ સંચાલિત ટ્રેનીંગ સેન્ટર, ડેડીયાપાડા, જિ. નર્મદા. |
| ૬ | આદર્શ મહિલા મંડળ અતુલ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર મુ.પાંથરી, તા.જી. વલસાડ. |
| ૭ | આદર્શ મહિલા મંડળ અતુલ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, તાપી. |
| ૮ | આદર્શ મહિલા મંડળ અતુલ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર તા.જી.નવસારી. |
| ૯ | કુટુંબ બાળ કલ્યાણ સમિતિ ઇડર સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, સાબરકાંઠા. |
| ૧૦ | શિશુ મંગલ જુનાગઢ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, ગાંધીધામ, જુનાગઢ. |
| ૧૧ | ભણસાલી ટ્રસ્ટ રાધનપુર,આંગણવાડી તાલીમ કેન્દ્ર હાઇવે ચાર રસ્તા જી.પાટણ. |
| ૧૨ | નુતન ભારતી,આગણવાડી તાલીમ કેન્દ્ર, મડાણાગઢ, બનાસકાંઠા. |
| ૧૩ | શ્રી વર્ધમાન ગૃહઉદ્યોગ મહિલા મંડળ, આગણવાડી તાલીમ કેન્દ્ર, સુરેન્દ્રનગર. |
| ૧૪ | સુંદરમ ભારતી સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, મુ.ડાકોર જી.ખેડા. |
| ૧૫ | પર્યાવરણ સ્વચ્છતા સંસ્થા, આંગણવાડી તાલીમ કેન્દ્ર, મુ.સુઘડ, સાબરમતી રોડ તા.જી.ગાંધીનગર. |
| ૧૬ | વિદ્યાભારતીઅધ્યયન, પ્રશિક્ષણઅનેસંશોધનકેન્દ્ર ,મુખ્ય સેવિકા તાલીમ કેન્દ્ર, ગાંધીનગર. |

ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.